ગાંધીનગર જય અંબે પરિવાર દ્વારા અંબાજીની ૨૫મી રજતજયંતિ પગયાત્રા નિકળશે

ગાંધીનગર, તા. ૧૯

શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી ગાંધીનગરથી મા જગદંબાના નયનરમ્ય, ધાર્મિક અને અતિ પવિત્ર એવા અરવલ્લીની ગીરીમાળાઓમાં શોભતા આરાસુર અંબાજી ધામની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. તે જ પ્રમાણે આ ૨૫મા રજત જયંતિ વર્ષે પણ આ સંઘ ભાદરવા સુદ-૪, સોમવાર, તા. ૯ સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ કલાકે, શક્તિચોક, સેક્ટર-૧૩માંથી પ્રસ્થાન કરશે. તો આ શુભ પ્રસંગે હાજર રહી, દર્શનનો લાભ લેવા તથા પદયાત્રીઓને શુભેચ્છા વિદાય આપવા સેક્ટર-૧૩-બીના શક્તિચોકમાં પધારવા શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગરનું હાર્દિક આમંત્રણ છે. જુના પદયાત્રીઓએ તેમના ફોર્મ તા. ૨૮ ઓગષ્ટ-૧૩ સુધીમાં ભરી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ સંઘ સેક્ટર-૧૩માંથી પ્રયાણ કરી ખ-રોડ પર થઈ, ખ-૭ થી ક-૭ પાસે ભૂમિરાજ એપાર્ટમેન્ટના શ્રી કાન્તિભાઈ આર. પટેલના સેવાકેન્દ્ર પાસે પહોંચી ગરબાનો કાર્યક્રમ કરશે અને પછી લિંબુ સરબત માણી અંબાજી માર્ગે આગળ વધતાં ૧૨.૩૦ કલાકે હોટલ 'ઘુંઘટ' પહોંચી ભોજન-પ્રસાદ લઈ ત્યાંથી બપોરે ૨.૦૦ કલાકે પ્રયાણ કરી ધરતી ફાર્મ-રાંધેજા ખાતે બેઠક કરશે, જેમાં ઓળખવિધિ તથા માર્ગદર્શન વિધિ થશે. ત્યારબાદ ૪.૦૦ કલાકે પ્રયાણ કરી, વાસન મહાદેવ પહોંચી રાત્રી વિશ્રામ કરશે.

પવિત્ર શ્રાવણ માસમાં મહાદેવની પૂજા-અર્ચના ફક્ત દેવાલયોમાં જ થાય એવું નથી.... કૌશિકભાઈ ભટ્ટ અને પરીખકાકાએ મુક્તિધામ ખાતે સ્થાપિત ભોળાશંકરના શિવલીંગની પૂજા-અર્ચના કરી હતી.

ગાંધીનગર શહેરના ચ-૫ સર્કલ પાસે સવારના સુમારે હોન્ડાની કાર અને વેગનઆર કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બન્ને ગાડીઓને નુકશાન થવા પામ્યુ હતુ અને રસ્તા પર તુટેલા કાચની ચાદર પથરાઈ ગઈ હતી જો કે સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈને મોટી ઈજાઓ થવા પામી ન હતી.

બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધન ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા રક્ષાબંધન મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં સેક્ટર-૨૮, સેક્ટર-૨, ગાંધીનગર, ઉર્જાનગર-ગાંધીનગર અને મોટા ચીલોડા સેવાકેન્દ્રો ખાતે આવતા બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારી ભાઈ-બહેનો તથા ગાંધીનગર જિલ્લાની ૩૦ જેટલા ગામોમાં કાર્યરત રાજયોગ ગીતા પાઠશાળાના લગભગ ૧૫૦૦ ભાઈબહેનો માટે રક્ષાબંધનના કાર્યક્રમો રાખવામાં આવ્યા છે.

ચાઈલ્ડ હેવન ઈન્ટર નેશનલ સેક્ટર-૭ અને સરગાસણ ચિલ્ડ્રન હોમ સેક્ટર-૧૩, ખાસ બાલ ગૃહ સેક્ટર-૧૯, માનવ સ્મૃતિ મંદબુદ્ધિ બાળકોની સંસ્થા-પ્રાંતીયા, અંધ બાળકો માટેની શાળા સેક્ટર-૧૬ તથા બહેરા મુંગા શાળા સેક્ટર-૨૮ ખાતે બાળકોને પણ પરમાત્મા પ્યાર અને આશિર્વાદ યુક્ત રાખડી બાંધવાના કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

એસ.આર.પી., સી.આર.પી.એફ., બી.એસ.એફ. અને મીલીટરી કેમ્પ ખાતે જવાનો માટે સંસ્થાના આંતરરાષ્ટ્રિય મુખ્યાલય માઉન્ટ આબુથી ખાસ પધારેલ પ્રવક્તા રાજયોગીની બ્રહ્માકુમારી ઉષાદીદીના તનાવ મુક્ત જીવન પરના પ્રવચન સહ રક્ષાબંધનના કાર્યક્રમો આયોજીત કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના હોદેદારશ્રીઓ/કાઉન્સીલરશ્રીઓ માટે બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮ ખાતે, નવરચિત ગાંધીનગર મહાનગર પાલિકા કચેરી ખાતે અધિકારી/કર્મચારી ભાઈ બહેનો માટે, સાદરા ખાતે ચાલી રહેલ રેવન્યુ તલાટીની તાલીમમાં તાલીમાર્થીઓને, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લીમીટેડ સેક્ટર-૨૫ ખાતે કોન્ફરન્સ હોલ અને કેન્ટીન ખાતે અને સેક્ટર-૨૮ કેન્ટીન ખાતે કર્મચારી/અધિકારી ભાઈ બહેનો, ગાંધીનગર ઈલેક્ટ્રોનીક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ખાતે એક્ઝીક્યુટીવ્સ અને સ્ટાફ માટે તથા ચીલોડા ખાતેની સ્પા રીસોર્ટ હોટલ અને પેટ્રોલ પમ્પના મેનેજર અને સ્ટાફ માટે પણ રાજયોગીની બ્રહ્માકુમારી ઉષાદીદીના તનાવ મુક્ત જીવન પરના પ્રવચન સહ રક્ષાબંધનના કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા છે.

સાથોસાથ ડી.એસ.પી. સેક્ટર-૨૭, લોકલ કાઈમ બ્રાન્ચ સેક્ટર-૨૮ અને સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે, કચ્છ કાઠીયાવાડ રાજપુત સમાજ સેક્ટર-૧૭ ખાતે પણ રક્ષાબંધનનું આદ્યાત્મિક રહસ્યની સાચી સમજ અને તેના જીવનમાં આચરણ સાથેના પવિત્ર રક્ષાબંધનના કાર્યક્રમો આયોજીત કરવામાં આવેલ છે.

રાજયના મુખ્ય મંત્રીશ્રી સહિત તમામ મંત્રી ગણ તથા વિરોધ પક્ષના નેતા સહિત તમામ રાજકીય નેતાઓને પવિત્રતાની સુચક રાખડી બાંધવામાં આવશે.

ગુજરાત વિધાનસભા-સચિવાલય પેન્સનર્સ સમાજનાં તેજસ્વી બાળકોને સન્માનવાનો કાર્યક્રમ કડી કેમ્પસમાં બ્રહ્માણી હૉલ ખાતે યોજાઈ ગયા. આ પ્રસંગે બ્લ્યુ-બબલ્સ એકેડેમી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**

પ.પૂ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેંમ્બે) સ્વામીની મૂર્તિની સમાધિ શતાબ્દી વર્ષ નિમિત્તે ત્રિમૂર્તિ દત્તમંદિર ખાતે પધરામણી

ગાંધીનગર, તા. ૧૯

પ.પૂ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજનો જન્મ રવિવાર, શ્રાવણ વદ પંચમી શક ૧૭૭૬ ૧૩-૮-૧૮૫૪ના દિવસે માણગાંવ (તા. સાવંતવાડી, મહારાષ્ટ્ર) ખાતે થયેલ, તેમનું સંપૂર્ણ જીવન લોક કલ્યાણ માટે તેમજ દત્તભક્તિનો પ્રચાર કરવામાં પસાર કર્યું અને તેઓશ્રી ખુલ્લા પગે મહારાષ્ટ્રથી હિમાલય સુધી (સમગ્ર ભારત)ની દંડી સ્વામીની જેમ બે વખત યાત્રા કરેલ. સ્વામી મહારાજે વિદ્યાર્થીઓને ઉપયોગી સરસ્વતી મંત્ર આપ્યો. તેઓશ્રીની મૂર્તિ ગરૂડેશ્વર દત્ત સંસ્થાન અને શ્રી રંગ અવધૂત પરિવાર, ગાંધીનગર સહિયારા પ્રયાસથી શતાબ્દી વર્ષની ઉજવણી રૂપે તા. ૨૨-૮-૨૦૧૩ ગુરૂવારના રોજ દત્ત ભગવાન સવારે મહેસાણા ખાતેથી નિકળીને સવારે ૮.૩૦ કલાકે બાવલા મુકામે શ્રી પ્રકાશભાઈ બ્રહ્મચારીના નિવાસ સ્થાનેથી નિકળીને ગાંધીનગર ખાતે સવારે ૯.૩૦ કલાકે ત્રિમૂર્તિ દત્તમંદિર, ગાંધીનગર સે. ૨૮ ખાતે આવશે. મંદિર ખાતે સવારે ૧૦.૦૦ કલાકે પૂજન અર્ચન, આરતી,સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ તેઓશ્રીની મૂર્તિની પધરામણી રંગ અવધૂત પરિવાર, ગાંધીનગરના જુદા જુદા સેક્ટરોમાં રહેતા રંગ ભકતોના નિવાસ સ્થાને પધરામણી કરવામાં આવશે. શ્રી દત્તપ્રભુ તેમજ પ.પૂ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજના દર્શનથી ગાંધીનગર શહેરના નાગરિકો ઉપર આશીર્વાદ મળે અને સુખ, શાંતિ, સમૃદ્ધિ, આધ્યાત્મિક ઉન્નતિ અને દિર્ઘાયુ ગાંધીનગર શહેરના નાગરિકોને આપે તે અંગે ગાંધીનગર શહેર નાગરિકોએ દત્ત પરંપરાની રીતે દર્શનનો લાભ અવશ્ય લેવા વિનંતી છે. તેમ શ્રી નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

ઈન્ડીયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજયુકેશન દ્વારા સ્વાતંત્ર પર્વની ઉત્સાહથી ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

દેશની ઉત્તમ શિક્ષકો નિર્માણ કરતી સંપૂર્ણ કક્ષાની પ્રથમ યુનિવર્સિટી ઈન્ડીયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજયુકેશન દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી શૌર્યપૂર્ણ અને રંગારંગ કાર્યક્રમ સાથે આયોજીત કરવામાં આવેલ. પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું અને કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મુખ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશિષ્ટ અતિથિ તરીકે બાલ વિશ્વ વિદ્યાલયના કુલપતિ શ્રી હર્ષદ શાહ ઉપસ્થિત રહેલ. કુલસચિવ અને એડીશનલ કલેકટરશ્રી બીપીન ભટ્ટે સ્વોનું સ્વાગત કર્યું હતું. પ્રિ. કલ્પેશ પાઠક ઉપરાંત એન.સી.સી. કમાન્ડન્ટ ડૉ. માધવી ઉપાધ્યાય, ડૉ. રમેશ પંડયા, વિદ્યાર્થી કલ્યાણઅધિકારી શ્રી જતીન ભટ્ટ, રમતગમત શિક્ષક શ્રી ભરત ચૌધરી, પ્રો. બીમલ જોશી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રણવ પંડયા તથા વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. દિલ્હીની ઝાંખી કરાવતી માર્ચ પાસ્ટ, રંગપૂર્ણ કિડા નિદર્શનો, દેશભકિત ગીતો, યોગ નિદર્શન વગેરે કાર્યક્રમોનું આયોજન પ્રેક્ષણિય બની રહ્યું હતું. ડૉ. ભાવના જોશીપુરા તરફથી યોગ અને સંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થી માટે ઈનામની જાહેરાત કરી હતી. આ પ્રસંગે શ્રીમતી રેખાબેન ભટ્ટ, એકેડેમીક ઈન્ચાર્જ શ્રી રવીરાજ રાજપરા વગેરે ઉપસ્થિત રહેલ.

સંસ્કાર ભારતી ગાંધીનગર શાખાના ઉદ્‌ઘાટન પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

અખિલ ભારતીય સંસ્થા સંસ્કાર ભારતીની ગાંધીનગર શાખાનું ઉદ્‌ઘાટન તાજેતરમાં યોજાઈ ગયુ. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કલાપ્રેમી લોકો હાજર રહ્યા હતા.

રંગમંચ અને લલિત કલાઓને સમર્પિત અખિલ ભારતીય સંસ્થા સંસ્કાર ભારતીની ગાંધીનગર શાખાનું ઉદ્‌ઘાટ તા. ૧૭ ઓગષ્ટનાંરોજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજના હોલમાં યોજાઈ ગયુ. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડૉ. પ્રદિપકુમાર આઝાદ (સચિવશ્રી, સંગીત નાટક અકાદમી), પ્રાંત અધ્યક્ષ ડૉ. રાજુજી પરમાર, જાણીતા લોક ગાયકશ્રી ભીખુદાનભાઈ ગઢવી, પ્રા. આશિષ દવે જેવા કલાને સમર્પિત મહાનુભાવોએ હાજરી આપી હતી. મુખ્ય વક્તા તરીકે સંસ્કાર ભારતી રાજકોટના ધીરૂભાઈ ધામેલીયાએ સંસ્કાર ભારતીનાં ઉદ્દેશો અને કલામાં પ્રદાન વિશે વાત કરી હતી. ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ પ્રથમ સાંસ્કૃતિક પર્વમાં ધ્યેયગીત, પ્રાર્થના, ભારત નાટ્યમ, કથ્થક, લોકનૃત્ય અને સમૂહગાનનાં કાર્યક્રમ દ્વારા સંસ્કાર ભારતી ગાંધીનગરનાં કલાકારોએ કલા દર્શન કરાવ્યું હતું.

ગાંધીનગર અને સમગ્ર ગુજરાતના જાણીતા કલાકારશ્રી ભીખુદાન ગઢવીએ કસુંબીનો રંગ રજૂ કરી શ્રોતાઓને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. સંસ્કાર ભારતી સંગઠનની ટીમની જવાબદારીમાં પ્રા. જયેન્દ્રસિંહ જાદવને અધ્યક્ષ તરીકે, પ્રા. રાજન ચૌહાણને ઉપાધ્યક્ષ તરીકે, પ્રા. સમીર પંડ્યાને મંત્રી તરીકે, શ્રી ધર્મેન્દ્ર પટેલને પ્રાચીન કલા સંયોજક તરીકે તથા શ્રી માયાબેન ચૌહાણને સંગીત સંયોજક તરીકે જવાબદારી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. કૃપાબહેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

૪૦ ફુટ ઊંડી ગટરમાં પડેલી ભેંસને મહામહેનતે બચાવાઈ

બિરસા મુંડા ભવન બહાર ફાયરબ્રિગેડ દ્વારા ત્રણ કલાલ રેસ્ક્યુ ઓપરેશન ચાલ્યુ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના બિરસા મુંડા ભવનની બહાર ૪૦ ફુટ ઊંડી ખુલ્લી ગટર ચેમ્બરમાં ખાબકેલી ભેંસ અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરતા ટીમ દ્વારા રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ફાયરબ્રિગેડની ટીમે ત્રણ કલાકની જહેમત ઉઠાવીને ગટર ચેમ્બરમાં ઉતરીને રસ્સી વડે બાંધી ભેંસને બચાવી લઈ સફળ ઓપરેશન પાર પાડયું હતું.

ઉવારસદ ગામમાં રહેતા બળદેવભાઈ દેસાઈ પશુપાલકની ભેંસ બે દિવસ પહેલા ખોવાઈ ગઈ હતી તેને શોધવાના પ્રયત્નો કરી રહ્યા હતા પરંતુ મળતી ન હતી. દરમિયાન આજે બપોરના અરસામાં બિરસા મુંડા ભવન પાસેથી પસાર થતા રાહદારીનું ધ્યાન એક ખુલ્લી ગટર ચેમ્બરમાં પડતા તેમાં ભેંસ ખાબકેલી નજરે પડી હતી. તેમણે તાત્કાલિક ફાયર બ્રિગડને જાણ કરતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને આશરે ૪૦ ફૂટ ઊંડી ગટર ચેમ્બરમાં પડેલી ભેંસને બહાર કાઢવા જહેમત ઉઠાવી હતી. ફાયરમેન દિનેશ ચૌધરી દ્વારા ગટરમાં ઉતરીને ભેંસને દોરડાથી બાંધીને ત્રણ કલાકની મહામહેનત કરીને બહાર કાઢી બચાવી લેવામાં આવી હતી. આ ભેંસ ઉવારસદના બળદેવભાઈ દેસાઈની જ હોવાનું જાણવા મળ્યું હતું.

સે. ૪માં ગેસ બિલ મોડા મળતા ગ્રાહકો વિના વાંકે દંડાશે

ગાંધીનગર, તા. ૧૯

સે. ૪માં પી.એન.જી.ના જોડાણકર્તાઓને ગેસબીલ મોડા મળતા ગ્રાહકોએ વિના વાંકે દંડ ભરવો પડે તેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે. આ મામલે સમયસર બિલ ન મળ્યા હોય તેવા કિસ્સાઓ હજુ ડેઈટની તારીખમાં સુધારો કરવા રજૂઆત કરવામાં આવી છે.

સે. ૪ના રહીશ અશ્વિન જાટીયાએ આ અંગે રજુઆતમાં જણાવ્યા અનુસાર સે. ૪-બીમાં રહીશોને જી.એસ.પી.સી.ના પી.એન.જી.ના બિલ સમયસર મળ્યા નથી. તા. ૧ ઓગષ્ટના ટ્રીમાસીક બિલ તા. ૧૮ ઓગષ્ટના રોજ પહોંચ્યા છે. ઈસ્યુ તારીખના ૧૮ દિવસ બાદ ગ્રાહકોને બિલ મળ્યા છે. આવા સંજોગોમાં હજુ ડેઈટ પણ ખુબ જ નજીકના દિવસમાં હોવાથી ગ્રાહકોને હાલાકી ભોગવવી પડે છે. હજુ ડેઈટ પછી બિલ ભરવામાં આવે ત્યારે રૂ. ૭પનો દંડ વસુલવામાં આવે છે. જ્યારે ચાલુ માસમાં જાહેર રજાઓ પણ વિશેષ હોવાથી જી.એસ.પી.સી.ના વાંકે ગ્રાહકોએ દંડાવાનો વારો આવ્યો છે. આવી સ્થિતિમાં ગ્રાહક ડ્યુ ડેઈટ સુધીમાં બીલ ભરપાઈ ન કરી શકે તો દંડ વસુલી ન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે જી.એસ.પી.સી.ને મેઈલ કરીને પણ જાણ કરવામાં આવી છે. આગામી સમયમાં શહેરના દરેક સેક્ટરોમાં ગ્રાહકોને સમયસર બિલ ઈસ્યુ કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવા ઉપરાંત સમયસર બિલ ન મળ્યા હોય તેવા સંજોગોમાં હજુ ડેઈટની તારીખમાં પણ યોગ્ય સુધારો કરવા રજૂઆત કરવામાં આવી છે.

શહેર ભાજપ લોકસભામાં ગાંધીનગરથી કમળ જ મોકલશે

ગાંધીનગર, તા.૧૯

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગરની નવીન રચના બાદ સૌ પ્રથમવાર નીતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે કારોબારી મળી હતી. કારોબારીમાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને ઉત્તર ઝોનના પ્રભારી શ્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લાના પ્રભારી શ્રીમતી રમીલાબેન બારા, શ્રી કે.સી. પટેલ, ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, દસાડાના ધારાસભ્યશ્રી પુનમભાઈ મકવાણા, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, એસ.ટી. બોર્ડ નિગમના ડીરેકટર શ્રી ભગવાનદાસ પંચાલ, મહાનગરના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

મહાનગરના અધ્યક્ષ નીતીનભાઈ પટેલે સૌ સભ્યોને સાથે લઈ મહાનગર સંગઠનને વધુ મજબુત થવા જણાવ્યું અને આગામી દિવસોમાં આવી રહેલ ચુંટણી સવા સો કરોડના હૃદય સમ્રાટ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવા ગાંધીનગરમાં કમળ ખીલવવા આહવાન કર્યું. પ્રદેશ મહામંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ સૌ ખભે ખભા મીલાવી સમગ્ર ભારતમાં કમળ ખીલે તેવા સંદેશ પહોચાડવા કાર્યકરોન જણાવ્યું. પ્રભારી શ્રી રમીલાબેન બારા તથા કે.સી. પટેલે પાર્ટીના આગામી કાર્યક્રમોની જાણ કરી. ગુડા ચેરમેન અશોકભાઈ ભાવસારે મુખ્યમંત્રીની દિર્ઘદ્દિષ્ટિથી મહાનગરનો વિકાસ થઈ રહ્યો છે તેમાં મહાનગરપાલિકાના કોર્પોરેટરો તથા કાર્યકર્તાને જોડાવવા આહવાન કર્યું. ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, પુનમભાઈ મકવાણા, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ પણ ઉદબોધન કર્યું.

મહાનગરના પદાધિકારીશ્રીઓ મહામંત્રીશ્રી મહેશસિંહ રાઓલ, મુકેશભાઈ જાની તથા કનુભાઈ દેસાઈએ ઠરાવોનું વાંચન કર્યું હતું. ઉપાધ્યક્ષશ્રી નાજાભાઈ ઘાંઘર દ્વારા ગાંધીનગર મહાનગરના વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતા ઠરાવની દરખાસ્ત મુકવામાં આવી જેને મંત્રીશ્રી નરેશભાઈ પરમારે ટેકો આપ્યો હતો જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી જીતુભાઈ સેજાણીએ આભાર વિધિ કરી હતી. મહાનગરની સૌપ્રથમ કારોબારીને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી આર.સી. ફળદુ સાહેબે શુભેચ્છા પાઠવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૮ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૦૦, ૩.૧૦, ૯.૨૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૧૦, ૬.૨૦

: સ્ક્રીન-૨ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૧૫, ૨.૧૫, ૫.૨૫, ૮.૩૫

સૂર્યા, વાવોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ચેન્નાઈ એક્સપ્રેસ: ૧.૩૦,

: સ્ક્રીન-૨ :
ચેન્નાઈ એક્સપ્રેસ : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૧૫

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦, ૮.૦૦

ચિરાગ, કલોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે ચુંદડીનો હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે પિયુષભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન પ્લોટ નં. ૬, વિરાટનગર, ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે સુહાસભાઈ કે. જાનીના નિવાસ સ્થાન વિરાટનગર જયોતેશ્વર મહાદેવનાં મંદિરની બાજુમાં, શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને સ્કુલ સ્ટેશનરીના હિંડોળા.

આપની આજ

મેષ : કાર્યની ગતિમાં વધશે. વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ.

તુલા : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. વાડીલાલ શીવરામ પંચાલ (ઉ.વ.૭૧) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. તખીબેન ગલાજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ.પો. વાસણીયા મહાદેવ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ નેનાભાઈ પટેલ (ઉ.વ.૩૮) મુ.પો. હાલીસા, તા.દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. જશવંતભાઈ હીરાલાલ શીતવાડીયા (ઉ.વ.૫૯) પ્લોટ નં. ૮૭૫, સેકટર-૨૪, ગાંધીનગર.